આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ વૃશ્ચિક

આજના ગ્રહોની કુંડળી



આજકાલ સર્પયોગ થાય છે. ગુરુ - રાહુનો ચાંડાલ યોગ થાય છે. શનિ - ચંદ્રનો વિષયોગ થાય છે. ચંદ્ર સાંજે સવાસાતે ધન રાશિમાં પ્રવેશે છે.

મેષ અઢી વર્ષની શનિની પનોતીમાં બાર માસનો સમય બાકી છે. શાંતિથી પસાર થાય તે માટે હનુમાનજી અને શનિદેવની ભક્તિ - પૂજા કરવાથી રાહત મળશે.

વૃષભ સાતમે વિષયોગ થાય છે. બહારનું ખાવાનું ટાળવું - કેન્દ્રમાં રાહુ - શનિ હોઈ વેપાર ધંધામાં ખોટ આવે - તંદુરસ્તી બગડે - મેડીકલ ચેકઅપ કરાવવું.

મિથુન સાતમે શુક્ર - બુધ અંશાત્મક બળવાન થયેલ હોઈ આર્થિક લાભ થાય - આકસ્મિક ધનલાભ થાય - ન ધારેલી જગ્યાએથી કમાવા મળે - આઠમે સૂર્ય - દાઝવાથી સાચવવું.

કર્ક ચોથે મંગળ - આઠમે સૂર્ય તમારે માટે સારા ગ્રહો નથી - પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - ક્રોધને આવેશમાં આવી ગુસ્સો ન કરશો - શુત્રો વધશે.

સિંહ રાશિમાં રાહુને ચોથે શનિ - એમ બે પાપગ્રહોથી ગેરાયેલા હોઈ સાચવીને ડગલાં માંડવા - હનુમાનજી - શનિદેવની ભક્તિપૂજા કરવી - નુકસાન ઓછું થશે.

કન્યા બારમે રાહુ - બીજે મંગળ - ત્રીજે શનિ વિગેરે પાપગ્રહોથી આપ ઘેરાયેલા છો. કાંઈ સૂઝે નહીં. એટલે ભક્તિ પૂજા કરશો તો થોડીઘણી રાહત મળશે - શાંતિ મળશે.

તુલા રાશિમાં મંગળ - ચોથે સૂર્ય ક્રોધ અને ગુસ્સો વારંવાર કરાવે તેથી સંયમ રાખી દિવસ પસાર કરવો - કૌટુંબિક શાન્તિ હણાય નહીં તેનું ધ્યાન રાખવું.

વૃશ્ચિક રાશિમાં વિષયોગ થતો હોઈ બહારનું ખાવાપીવાનું ધ્યાન રાખવું - નહિં તો ફુડ પોઝનીંગ થતાં વાર નહીં લાગે. ગરમ ખાવું.

ધન રાશિમાં બુધ - શુક્ર અંશાત્મક પ્રબળ થતા હોઈ આપની રાશિને ઘણો લાભ થાય. આર્થિક - કૌટુંબિક - મિત્રવર્તુળથી સુખ પ્રાપ્ત થાય. દિવસ આનંદમાં પસાર થાય.

મકર રાશિમાં સૂર્ય હોઈ તમારા વર્તુળમાં તમારા તેજથી લોકો અંજી જાય - પ્રભાવી વ્યક્તિત્વને કારણે તમો ધાર્યું કરાવી શકો. કૌટુંબિક સુખ મળે.

કુંભ સાતમે રાહુ તમારા વિચારોમાં પરિવર્તન લાવે. ચોક્કસ વિચારોને દૃઢપણે વળગી ન રહો - શું કરવું - ન કરવું તેનાથી મૂંઝાયેલા રહો - ધ્યાન રાખવું.

મીન આઠમે મંગળ તમોને અકસ્માત પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું સૂચવે છે. ધ્યાન રાખીને દિવસ પસાર કરવો - વાહન ચલાવવાનું ટાળવું - સાચવવું.

કંપની સમાચાર

ટીમલીઝ સર્વિસિઝ લિમિટેડ : પબ્લિક ઓફર ૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ખુલી ગયો

ટીમલીઝ સર્વિસિઝ લિમિટેડ (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'')નો ઈક્વિટી શેર દીઠ રૂ. ૭૮૫ થી ૮૫૦ (શેર પ્રીમિયમ સહિત) સુધીનો પ્રાઈસ બેન્ડ ધરાવતા રૂ. ૧૦ની મૂળકિંમત (''ઈક્વિટી શેર્સ'') ધરાવતા ઈક્વિટી શેરનો પબ્લિક ઈશ્યૂ મંગળવાર, ફેબ્રુઆરી ૨, ૨૦૧૬ના રોજ ખુલી ગયો છે. આ ઈશ્યૂમાં રૂ. ૧,૫૦૦ મિલિયન ('ડફઅરેસ ઈશ્યૂ'') સુધીના ફ્રેશ ઈશ્યૂ અને ગજ કેપિટલ ઈન્ડિયા ફંડ-૧ ('ડજીસીઆઈએફ'') દ્વારા ૨૭૫,૯૭૭ ઈક્વિટી શેર, ગજ એડવઆઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ (''જીએપીએલ''), જીપીઈ (ઈન્ડિયા) લિ. (''જીઆઈએલ'') દ્વારા ૧,૧૮૦,૫૬૯ ઈક્વિટી શેર, ૧૫૩૩૨૦૬ ઈન્ડિયા એડવાન્ટેજ ફંડ એસથ્રી ૧ (''આઈએએફ''), અને એચઆર ઓફશોરિંગ વેન્ચર્સ પીટીઈ લિ. (''સેલિંગ શેરહોલ્ડર્સ'') (''ઓફર ફોર સેલ'' અને ફ્રેશ ઈશ્યૂ ''ઓફર'' સાથે) દ્વારા ૧૫૩,૩૨૧ શેર સુધીના શેરની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. આ ઓફરમાં આ પ્રકારના ઈક્વિટી શેર (''નેટ ઓફર'')ની જાહેર જનતાને નેટ ઓફર અને પાત્રતા ધરાવતા કર્મચારીઓ (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'')ના સબસ્ક્રિપ્શન માટે ૧૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. નેટ ઓફરમાં કંપનીની ઓફર પછીની ભરપાઈ-થયેલી ઈક્વિટી શેર મૂડીના ઓછામાં ઓછા પચીસ ટકા હિસ્સાનો સમાવેશ થાય છે. આ ઓફરના બૂક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ્સ'.)માં આઈડીએફસી સિક્યોરિટીઝ લિમિટેડ, ક્રેડિટ સ્યુઈસ સિક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ અને આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડનો સમાવેશ થાય છે.

એન્કર રોકાણકારોનો બિડ/ઈશ્યુ કરવાનો ગાળો ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે સોમવાર ૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ રહેશે. ઓછામાં ઓછા ૧૫ ઈક્વિટી શેર માટે બિડ કરી શકાય છે અને ત્યાર બાદ ૧૫ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. આ બિડ/ઓફર મંગળવાર, ફેબ્રુઆરી ૨, ૨૦૧૬ના રોજ ખુલે છે અને ગુરૂવાર, ફેબ્રુઆરી ૪, ૨૦૧૬ના રોજ બંધ થશે. આ ઓફર દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') તથા નેશનલ સ્ટોક એક્ચેંજ ઓફ ઈન્ડિયા લિ. (''એનએસઈ'.) પર લિસ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

સ્પર્શમણિ -

દુનિયામાં નામ રોશન કરવા માટે
ધનની નહિ, હકારાત્મક વિચારસરણીની જરૂર પડે છે.
કેમકે હકારાત્મક વિચારસરણી ધરાવતી વ્યક્તિ વ્યવહારિક,
આશાવાદી અને રચનાત્મક હોય છે.
માટે એવું ન કહો કે હું મારું નામ રોશન ન કરી શકું પરંતુ એવું કહો
કે હું મારું નામ કેમ રોશન ન કરી શકું? પછી તમારી કિસ્મત
બદલાઈ શકે છે, દુનિયાનું તમામ ધન તમારા નામે થઈ શકે છે.

- Rasikvaland1965@gmail.com

કોંગ્રેસના ભ્રષ્ટાચારથી દેશને ભારે નુકસાન થયું : ભાજપ

હવે કોંગ્રેસ યુપીએ સરકારની સ્કીમના ગાણા ગાય છે તો સ્કેમની પણ વાતો જાહેર કરે : ફળદુ અને જાડેજાના પ્રહારો

અમદાવાદ, તા.૩

ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર સી ફળદુ અને પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ કોંગ્રેસની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, છાશવારે યુપીએ સરકારની સ્કીમના ગાણા ગાતી કોંગ્રેસે યુપીને શાસનમાં એકાંતરે આચરેલા સ્કેમનો આલ્બમ કેમ ભુલી જાય છે. ભ્રષ્ટાચારના પર્યાયસમી કોંગ્રેસે દેશના અર્થતંત્રને ખોખલું કરી આમ જનતાના માથે મારેલા પાયમાલીના કૃત્યોથી દેશને પારાવાર નુકસાની થઈ છે તેમ તેઓએ જણાવી ઉમેર્યું હતું કે, કોંગ્રેસ તેના કરેલા પાપોને વિસારે પાડવા મથે છે પરંતુ જનતા જાણે છે કે, કોંગ્રેસને હૈયે પ્રજાહિત કેટલું સમાયેલું છે.

તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાત કોંગ્રેસના નેતાઓની સમાજ વિભાજનની પ્રવૃત્તિઓનો ખેલ પ્રજા સમક્ષ ઉઘાડો પડી ગયો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી કોંગ્રેસ રાજયના શાંતિપૂર્ણ નાગરિકોને જ્ઞાતિવાદનું ઝેર પાવાની કોશિશ કરી રહ્યું છે. પરંતુ કોંગ્રેસની ભાગલા પાડો અને રાજ કરો અંગ્રેજ નિતીથી રાજયનો પ્રજાજનો સુપેરે વાકેફ છે. એટલે છેલ્લા બે દાયકાથી કોગ્રેસના નુસખા ચાલ્યા નથી. તેઓએ ઉમેર્યું હતું કે, ચૂંટણી આવવાની હોય ત્યારે કોગ્રેસને હૈયે પ્રજાહિતની હેલી વરસવા માંડે છે, પરંતુ કોંગ્રેસના માયાવી મૃગજળ જેવી મતની રાજનિતીને ગુજરાતના મતદારો સમજે છે. ફળદુ અને જાડેજાએ ગુજરાતમાં કોંગ્રેસના શાસનના દિવસો યાદ કરાવતા જણાવ્યું હતું કે, તેમના શાસન સામે ખુદ કોંગ્રેસે લાંબુ ભ્રષ્ટાચારની ફરિયાદો કરતું રાજયપાલને આવેદનપત્ર આપ્યું હતું. કોંગ્રેસ સત્તાની લાલસામાં એ ભુલી જાય છે. પરંતુ ગુજરાતનો મતદાર આવા ઘણા કિસ્સા ભુલ્યો નથી તે કોંગ્રેસ સમજી લે. પ્રજાહિત માટે અને રાજ્યના વિકાસ માટે કાર્ય કરતી ભાજપની સરકાર દ્વારા બધા જ સમાજ અને રાજ્ય માટે વિકાસલક્ષી અનેક કામો હાથ ધરાયેલ છે ત્યારે કોંગ્રેસ સહન કરી શકતી નથી અને ફક્તને ફક્ત નકારાત્મકતા સાથે ગુજરાતને નુકસાન કરવાની પ્રવૃત્તિઓ અને નિવેદનોમાં રચ્યાપચ્યા રહે છે.

સ્કૂલ રિક્ષા અને સ્કૂલ વર્ધી વાહનની હડતાળના કારણે ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. વાલીઓ બાળકોને મુકવા માટે સ્કૂલમાં પહોંચ્યા હતા.

ઉત્તર-પૂર્વી રાજ્યોના એનએસએસ યુવા વિદ્યાર્થીઓ મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વિશ્વમાં સૌથી વધુ યુવાશક્તિ ધરાવતા ભારતના યુવાધન-ડેમોગ્રાફીક ડિવીડન્ડનો રાષ્ટ્ર વિકાસ અને સમાજ ઉત્થાન કાર્યોમાં સદુપયોગ કરવાનું આહવાન એનએસએસ છાત્રોને કર્યું છે.

શ્રીમતી આનંદીબહેને અલગ-અલગ પ્રદેશ-પ્રાંત-ભાષા-પરિવેશ અને રીત-રિવાજો હોવા છતાં અનેકતામાં એકતાનો ભારતીય સંસ્કૃતિનો આદર્શ આ 'યુવા ભારત' સાકાર કરે છે તેમ પણ ગૌરવ સહ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીને આજે ઉત્તર પૂર્વી રાજ્યોના શાળા-કોલેજોના ૮૦ ઉપરાંત એનએસએસ છાત્રો ગાંધીનગરમાં મળ્યા હતા અને તેમનું પ્રેરણાદાયી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ યુવા-યુવતિઓ ભારત સરકારના યુવા બાબતો અને ખેલકૂદ મંત્રાલયના ઉપક્રમે એનએસએસ છાત્રો માટે આયોજિત ઈન્ટર સ્ટેટ યુથ એક્સચેન્જ એન્ડ હોમ સ્ટે પ્રોગ્રામ અન્વયે ગુજરાતની મુલાકાતે આવેલા છે. આ યુવાછાત્રોએ તેમના ગુજરાત પ્રવાસ દરમ્યાન અનુભવોનું મુખ્યમંત્રીશ્રીની સાથે આદાન-પ્રદાન કર્યુ હતુ. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ઉત્તર પૂર્વી રાજ્યોના આ યુવાનોએ ગુજરાતના સમાજ જીવનમાં ગાંધી વિચારધારાનો પ્રભાવ રહેલો છે. તેનો આનંદ વ્યક્ત કરતા રાજ્ય સરકારે ઉપાડેલા સ્વચ્છતા-સફાઈ, કન્યા શિક્ષણ અને આરોગ્યલક્ષી અભિયાનોની પણ પ્રસંશા કરી હતી.

એનએસએસ વિદ્યાર્થીઓના આ જૂથે મહાત્મા મંદિર, દાંડીકુટિરની પણ મુલાકાત લીધી હતી અને શાશ્વત ગાંધી વિચારની પ્રત્યક્ષ અનુભૂતિ કરી હતી તેમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં માળખાકીય સુવિધાઓના સુઆયોજિત વિકાસ સાથે યુવાવર્ગો માટે પ્રોત્સાહક યોજનાઓથી પણ ઉત્તર-પૂર્વી રાજ્યોના આ યુવાનો પ્રભાવિત થયા હોવાની લાગણી તેમણે મુખ્યમંત્રીશ્રી સાથેના આ વાર્તાલાપમાં વ્યક્ત કરી હતી.

શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા એનએસએસ રિજિયોનલ ડીરેક્ટરશ્રી કમલકુમાર કર, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અજય ભાદુ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

હિચકારો હુમલો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા હતા અને બેઝબોલની સ્ટિક વડે અર્પિતભાઈ અને તેમના ડ્રાઈવરને માર માર્યો હતો. તેમજ કારની કાચતોડી નાખ્યા હતા. આ ઘટના બનતા લોકોના ટોળા એકઠા થઈ જતા તમામ શખ્સો ફરાર થઈ ગયા હતા.

ઈજાગ્રસ્ત અર્પિતભાઈ અને ડ્રાઈવરને સારવાર અર્થે શેલ્બી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ નવરંગપુરા પોલીસને કરતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. હાલ પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસે રાયોટિંગ મારા મારી અને જાનથી મારી નાખવાની ફરિયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટેલીકોન્ફરન્સ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ સમગ્ર વર્ષ દરમિયાન મહેનત કરી પોતાની શૈક્ષણિક કારકિર્દી સફળ બનાવવા ઉત્સુક હોય છે.બોર્ડના પરિક્ષાર્થીઓ પરિક્ષા નજીક આવતા અભ્યાસમાં લાગી ગયા છે. જયારે પરિક્ષા દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં સરી જતા અભ્યાસની સાથે જીવન પણ ખોઈ બેસે છે. પરિક્ષાનો હાઉ હાવી થઈ જતા વિદ્યાર્થીઓના મનમાં ભય સવાર થઈ જાય છે. સ્ટ્રેસના લીધે ડીપ્રેશન વધતા આપઘાત કરવા સુધીના પગલા લેવા સુધી પણ પહોંચી જાય છે. આવા સંજોગોમાં પરિક્ષાર્થીઓ માનસિક સંતુલન ખોરવી ન બેસે તે માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે જરૂરી હોય છે. જયારે આ મામલે શિક્ષકો તેમજ વાલીઓ પણ વધુ જાગૃત રહે તે જરૂરી છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આગામી તા ૬ ફેબ્રુઆરીના રોજ ટેલીકોન્ફરન્સ યોજવામાં આવશે. સવારે ૧૦:૩૦ થી ૨ કલાક દરમિયાન પોલીસ મહાનિરિક્ષક હસમુખ પટેલ તેમજ અન્ય તજજ્ઞો દ્વારા બાયસેગના માધ્યમથી શાળાઓના શિક્ષકો તેમજ આચાર્યોને માર્ગદર્શન આપવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓની ગેરસમજ દુર કરી શકાય તેવો પ્રયાસ કરવામાં આવશે. આ ટેલીકોન્ફરન્સના આધારે ૪૫૦૦ જેટલા શિક્ષકોને માહીતગાર કરવામાં આવશે. આ દરમિયાન શિક્ષકો શુ કરી શકે અને શુ ન કરે તે માટે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવશે.

મોડાસામાં જિલ્લાકક્ષાનો દિવ્યાંગ ખેલ મહાકુંભ ઉજવાયો

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જિલ્લાકક્ષાનો દિવ્યાંગ (વિકલાંગ) ખેલ મહાકુંભ યોજાયો હતો. ખેલ મહાકુંભ ૨૦૧૫-૨૦૧૬માં ૬ તાલુકાના ૨૫૦૦થી વધુ દિવ્યાંગ ખેલાડીઓ (ભાઈ-બહેન) ખેલ મહાકુંભમાં જોડાયા હતા. સામાન્ય વ્યક્તિ જેટલી તીવ્રતાથી રમત રમતા શક્તિ પ્રદર્શીત કરી ઉપસ્થિત મહેમાનો સહિત ખેલ મહાકુંભ નિહાળવા આવેલા પ્રેક્ષકોને દંગ કરી દીધા હતા.

આંબેડકરે સર્વશ્રેષ્ઠ બંધારણ આપણને આપ્યું છે : ભરતસિંહ

અમદાવાદ, તા.૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત સંવિધાન સે સ્વાભીમાન કાર્યક્રમમાં ગાંધીનગર ટાઉન હોલ ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત અનુસુચિત જાતિના ચૂંટાયેલા જનપ્રતિનિધીઓને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોંલકીએ જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે વિશ્વનું સર્વશ્રેષ્ઠ બંધારણ આપણને સૌને આપ્યું છે. જેના કારણે સૌ ભારતવાસીઓ ગૌરવની લાગણી અનુભવે છે. ડૉ. બાબાસાહેબ આબેડકર જે દિશા આપણને આપી છે અને જે સિધ્ધાંતો આપ્યા છે. તે સિધ્ધાંતોને લઈને આપણે આગળ ચાલવાનું છે.

દલિત સમાજ, આદિવાસી સમાજ અને બક્ષી પંચ સમાજના ભાઈ બહેનો વધુમાં વધુ શિક્ષણ મેળવે અને પ્રગતિ કરે તે આજે સમયની માંગ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ગરીબી સામે સખત સંઘર્ષ કરીને વિશ્વ માનવ તરીકે અને ખાસ કરીને તમામ વર્ગને ન્યાય મળે, તમામ વર્ગને સમાન હક્ક મળે તે રીતનું આપણને બંધારણ આપ્યું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલ ઉત્તમ વાત શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો ને યાદ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આજના દિવસે આપણે સૌએ ચિંતન કરવાની

બાબા સાહેબના સિદ્ધાંતોને લઈ આગળ વધવાનો સમય છે : શિક્ષણ પર વધારે ધ્યાન આપવાની જરૂર

જરૂર છે. શિક્ષિત બન્યા, સંઘર્ષ કરી રહ્યા છીએ, પણ સંગઠિત થતા નથી ત્યારે ફરી એક વખત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી સમયે બંધારણના વિરોધ કરનાર માનસિક્તાવાળાને જાકારો આપવા અને દલિત શોષિત સમાજને ન્યાય મળે સંગઠિત થઈ કોંગ્રેસ પક્ષની સરકાર બનાવવા આહવાન કર્યુ હતું.

કંથારિયા નજીકથી વિદેશી બીયરની બે પેટી, પરોસડા નજીક ૪૫૦ લીટર દેશી દારૂ ઝડપાયો

હિંમતનગર, તા. ૩

વિજયનગર તાલુકાના કંથારિયા અને પરોસડા નજીકથી રાજસ્થાનની અમ્બાસા અને ગરણવાસ બોર્ડરથી ગુજરાતમાં ઘુસાડાતો વિદેશી દારૂ, બીયર અને દેશી દારૂનો જથ્થો વિજયનગર પોલીસે ગત બે દિવસમાં ઝડપી લઈ પોલીસ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી. ઠાકોરના જણાવ્યા અનુસાર એ.એસ.આઈ. મગનલાલ લવજીને સોમવારે રાજસ્થાનની ગરણવાસ બોર્ડરથી બાઈક પર દારૂ ઘુસાડવામાં આવી રહ્યો હોવા અંગેની મળેલી બાતમી અનુસાર કંથારિયા નજીક બપોરે વોચ ગોઠવતા રાજસ્થાન તરફથી આવતી બાઈક નં. જીજે.૦૧. એલઈ.૪૬૨૭ને ઉભી રખાવતા ચાલકે બાઈક ઉભી રાખી ન હતી. જેથી મગનલાલે બાઈકનો પીછો કરાવતા ચાલક બાઈક મુકી નાસી ગયો હતો. જ્યારે બાઈક પર સવાર અન્ય ઈસમને ઝડપી લેવામાં આવ્યો હતો. જેની પાસે કોથળામાં ભરેલી બીયરની પેટી નંગ એક બોટલ નંગ ૧૨, વિદેશી બેગપાઈપર દારૂની બોટલ નંગ ૧૨ મળી રૂ. ૬ હજારનો દારૂ અને રૂ. ૧૫ હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. જ્યારે મંગળવારે સવારે ૭.૩૦ વાગ્યે પોલીસને રાજસ્થાનની અમ્બાસા બોર્ડર તરફથી ત્રણ બાઈક પર દેશી દારૂ કોથળામાં ભરી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યાની મળેલી બાતમી અનુસાર પી.એસ.આઈ. એ.બી. ઠાકોર, એ.એસ.આઈ. મગનભાઈ લવજી, કોન્સ્ટેબલ જગદીશભાઈ ભરભાઈની ટીમ સાથે પરોસાડા પ્રાથમિક શાળાના ખાંચામાં વોચ ગોઠવતા બાઈક નં. જીજે.૦૯.સીડી-૬૦૨૭, જીજે.૦૯.સીજી.૧૧૩૭, જીજે.૦૯.સીબી.૬૦૨૫ રાજસ્થાન તરફથી આવતી દેખાતા પોલીસે રોકી હતી. જેથી ત્રણેય બાઈક ચાલકો બાઈક મુકી ભાગી છૂટ્યા હતા. જેમાં પોલીસે ત્રણેય બાઈક તથા ૪૫૦ લીટર દેશી મળી રૂ. ૫૪ હજારનો મુદ્દામાલ ઝડપી લીધો હતો. જેમાં વિદેશી દારૂની ખેપ મારનારા સરસવ ગામના દિનેશભાઈ હકસીભાઈ અસારી અને ફરાર રણજીતભાઈ દલાજી અસારી વિરૂદ્ધ, જ્યારે પરોસડા નજીક દેશી દારૂની ખેપ મારનારા અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દરખાસ્તો ફગાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બચત થશે. આ ઉપરાંત મિલ્કતવેરાની વસુલી જે રૂ. ૬૦ કરોડ જેટલી બાકી છે તેને સઘન બનાવીશુ. વ્યવસાય વેરાની પણ રૂ. ૪ કરોડ જેટલી વસુલી બાકી છે તે પણ ઝડપી અને સઘન બનાવવા પર અમે ધ્યાન કેન્દ્રીત કરીશુ.

શ્રી રાકેશ પટેલે જણાવ્યુ હતુ કે અમે અમારા સુધારા બજેટમાં શહેરના પુનઃ વિકાસ વિસ્તારમ ાટે રૂ. ૫ કરોડની વિશેષ જોગવાઈ કરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે અમે અમારા સુધારા બજેટમાં ૯૪.૨૦ કરોડની રેવન્યુ આવક દર્શાવી છે. જેમાં ૪૨ ટકા અર્થાત રૂ. ૪૦ કરોડ ટેક્ષ પેટે આવક થશે. નોનટેક્ષ આવક ૨૪.૬૮ કરોડ જે આવકના ૨૬ ટકા થશે અને રેવન્યુ ગ્રાન્ટ પેટે ૨૯.૯૯ કરોડ અર્થાત્ ૩૨ ટકા થશે તેવા અંદાજો સુચવ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે રેવન્યુ આવકમાં સતત વૃદ્ધિ થતી રહી છે. ૨૦૧૫-૧૬માં પણ રેવન્યુ આવક ૮૨.૬૮ કરોડ સુધારેલા અંદાજોમાં દર્શાવી છે. હવે તે વધીને ૯૪.૨૧ કરોડ અર્થાત્ ૮ કરોડનો વધારો થશે તેવા અંદાજ છે. રેવન્યુ ખર્ચ પછી ૩૬.૭૩ કરોડની બચત રહેશે તેવા અંદાજ પણ અમે સુધારેલા બજેટમાં સુચવ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે અમારા સુધારા બજેટમાં જનસુવિધાના કામો સુદૃઢીકરણ પાછળ ૨૪ ટકા ખર્ચ કરવાની જોગવાઈ કરી છે તેમજ જાહેર વિકાસ અને જનસુવિધાના કામો પાછળ ૩૬ ટકા રકમ ખર્ચ થશે. રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ ૨ ટકા, કન્ટીજન્સી ખર્ચ ૪ ટકા, ઈલેક્ટ્રીકસીટી અને નિભાવણી પાછળ ૬ ટકા, મહેકમ ખર્ચ પાછળ ૧૩ ટકા, ઈ.ગર્વનન્સ પાછળ ૨ ટકા, વિસ્તાર વિકાસ માટે ૪ ટકા અને પછાત વિસ્તારો માટે ૧૨ ટકા રકમનો ખર્ચ કરવાનું સૂચવ્યું છે.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકાના કરદાતાઓ દ્વારા ભરવામાં આવતા મિલ્કતવેરાનો કરકસરપૂર્વક ઉપયોગ કરી વલતર વિકાસ દ્વારા આપવાનો પ્રયાસ કર્યો છે. બિન-કર આવકમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

આકારણીની કાર્યવાહી માર્ચ-૨૦૧૬ સુધીમાં પુરી કર્યા બાદ જ નવા બિલો મોકલવાની તંત્રને તાકીદ કરવામાં આવી હોવાના સંકેતો આપતાં સ્થાયી સમિતિએ રંગમંચ, કોમ્યુનીટી હોલના નામો મહાપુરૂષોના નામ સાથે જોડવા તેમજ બાકી વસુલાત માટે સઘન ઝુંબેશ કરવાનો પણ આગ્રહ કર્યો છે. એટલુ જ નહિ મિલ્કતવેરાના કલેક્શન માટે એક જ બેન્ક નહિ વધુ રાષ્ટ્રીય કૃત બેંકો સાથે કરાર કરવાની હિમાયત પણ કરવામાં આવી છે.

હથિયારો કબજે લીધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા બીટ ગાર્ડની ૬ જેટલી ટીમો બનાવી વૃક્ષોની કટોતી અટકાવવા માટે ખાસ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યુ છે. આ દરમિયાન રૂપાલ નારદીપુર માર્ગ પરથી સાગનુ લાકડુ ભરેલા ટ્રેકટરને પણ ઝડપી લેવામાં આવ્યુ છે. જયારે વન તંત્રના ગાર્ડ દ્વારા વૃક્ષો કાપતા તત્વોને અટકાવવા માટે વન આરક્ષિત જગ્યામાં ખાસ પેટ્રોલીંગ કરવામાં આવી રહયુ છે. જયારે આ દરમિયાન ઝાડી વિસ્તારમાંથી પલાયન થઈ ગયેલા તત્વોના હથિયારો પણ કબજે લેવામાં આવ્યા છે. બીટ ગાર્ડની ટીમને સ્થળ પર આવતા જોઈને નાસી ગયેલા તત્વોના હથિયારો તંત્ર દ્વારા કબજે લેવાયા છે.જેમાં કુહાડી , દાંતી, કોઈતો,દાંતરડા, તેમજ લોખંડના સળિયા સહીત ૫૦ જેટલા હથિયારો મળી આવ્યા છે. શહેરના સે-૧થી ૩૦માં વિવિધ જાડી વિસ્તારમાંથી આ હથિયારો મળી આવ્યા હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ચિકિત્સા પદ્ધતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી દેવાયા છે એટલુ જ નહિ જુની ચિકિત્સા પદ્ધતિઓનો વ્યાપ વધે તે એક માત્ર શુભાશય આ પાછળ રહેલ છે.

યોગ, સૂર્યનમસ્કાર જેવી બાબતોને પણ પુસ્તિકામાં સમાવવામાં આવી છે તેમજ સ્વસ્થ રહેવાના સરળ ઉપચારો જે આપણી જૂની ચિકિત્સા પદ્ધતિમાં પ્રચલિત હતા તે પણ આ પુસ્તિકામાં દર્શાવી બાળકોને વિજ્ઞાન પ્રત્યેની અભિરૂચિ વધે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

જિલ્લામાં પ્રથમવાર આ પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યો છે. પાંચ મિનિટનું વાંચન પ્રાર્થના પછી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવશે. ઘણી બધી શાળાઓમાં સુવિચાર અને સમાચાર વાંચન પણ બાળકો દ્વારા કરવામાં આવતુ હોય છે.

શિક્ષણ અને આયુર્વેદ શાખા દ્વારા સંયુક્ત રીતે આ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ કોઈપણ પ્રકારનો સરકારી કાર્યક્રમ નથી પરંતુ માત્રને માત્ર બાળકોમાં સ્વચ્છતાની અભિરૂચિ વધારવાની દિશાનો પ્રયાસ છે તેમ પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે.

માહિતી અને પ્રસારણ વિભાગની કચેરી, ગાંધીનગર માટે SX4 વાહન માટે ૧૯૫/૬૫, આર ૧૫ સાઈઝના પાંચ નંગ ટાયર ટ્યુબ ખરીદી માટે ઓથોરાઈઝ્ડ વિક્રેતા પાસેથી ઓથોરીટી લેટર સાથે ભાવો મંગાવવામાં આવે છે. ભાવો પોતાના લેટર પેડ પર બંધ કવરમાં તા. ૨૨/૨/૨૦૧૬ સુધીમાં માહિતી કમિશનરશ્રીની કચેરી, રજીસ્ટ્રી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મળે તે રીતે મોકલવાના રહેશે.
માહિતી/૨૪૮૪/૨૦૧૫-૧૬ માહિતી કમિશનર